## મનઘડંત સૌએ કથા એની કરી,
## ઘા હૃદયના જ્યાં બતાવ્યા સર્વને

એક વાચકમિત્રનો પત્ર છે, "મેડમ, મારી ઉંમર ૩૩ વર્ષની છે. મારાં લગ્ન થયે લગભગ ૧૦ વર્ષ થઈ ગયાં છે. હું અને મારી પત્ની બંને જૉબ કરીએ છીએ. મારી માતા પણ જૉબ કરતી હતી પણ એમણે હમણાં સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી છે, અમારાં સંતાનોને સાચવવા માટે. પિતા હું જ્યારે ફક્ત ૨ વર્ષનો હતો ત્યારે મૃત્યુ પામ્યા હતા. હવે મારા પ્રશ્ન પર આવું. કેવી રીતે કહું, કાંઈ પણ સમજાતું નથી. અત્યારે જે પણ હું કહું છું એ મને હમણાં મહિના પહેલાં જ ખબર પડી છે. મારી માતાની ઉંમર અત્યારે ૫૮ વર્ષની છે. અત્યારે મને એવી ખબર પડે છે કે મારી માતાનો એક વ્યક્તિ જોડે સંબંધ હતો અને એ પણ છેલ્લાં ૩૦ વર્ષથી. હું અહીં એક વાત કહીશ કે એ વ્યક્તિ અમારા ઘરે આવતા-જતા રહ્યા છે અને અમને ઘણી મદદ પણ કરી છે. મારાં જ્યારે લગ્ન થયાં એના થોડા જ મહિનામાં મારી પત્નીને શક ગયો હતો પણ એ મારા અને મારી માતા સાથેના પ્રેમભર્યા સંબંધો જોઈને કંઈ પણ મને પૂછતી ન હતી. એને એવું લાગતું કે, હું ગુસ્સે થઈશ. બીજું એ પણ કહીશ મેડમ કે મારા અત્યાર સુધીના લગ્નજીવનમાં મારી પત્ની જોડે ખૂબ જ ઝઘડા થયા છે અને જ્યારે પણ ઝઘડો થતો ત્યારે હું મારી માતાની સાઇડ લેતો અને ખૂબ ઝઘડો થતો.

હું એટલે માતાની સાઇડ લેતો કેમ કે મને એમ થતું, મારી માતાએ ઘણું દુઃખ વેઠ્યું છે અને જિંદગીમાં પતિનો પ્રેમ પણ નથી મળ્યો. મારી પત્ની તો છેલ્લાં ૧૦ વર્ષથી મૂંઝવણમાં જ હતી કે શું કરવું પણ, જ્યારે મારી છોકરી મોટી થતી ગઈ અને એની સામે ખરાબ છાપ ના ઊભી થાય એ હેતુથી એણે મારી

માતાના ફોન ટેપ કર્યા અને ઘરે થોડી વૉચ રાખી તો ખબર પડી સચ્ચાઈની. મેડમ, આ જ્યારે મને ખબર પડી તો મને એ દુઃખ થાય છે કે અત્યાર સુધી મેં મારી પત્ની જોડે ઝઘડો કર્યો અને મારી માતાની સાઇડ લીધી અને પત્નીને ખખડાવી એ ખૂબ જ ખોટું કર્યું. હવે મને સમજાવો કે મારે મારી માતા જોડે કેવો સંબંધ રાખવો જોઈએ?"

આ પત્ર પછી સૌથી પહેલો સવાલ એ થાય કે, જે બાળકને બે વર્ષની ઉંમરથી ૩૩ વર્ષની ઉંમર સુધી માએ સ્નેહ અને પૂર્ણ સમર્પણથી ઉછેર્યો એ બાળક પુરુષ થતાં જ મા વિશે ન્યાય તોળવા બેસી ગયો? એક માએ પોતાની આખી જિંદગી એટલા માટે ખર્ચી નાખી કે એનો દીકરો પગભર થાય, ભણે અને પૂર્ણ આત્મવિશ્વાસ સાથે સમાજમાં ઊભો રહી શકે. જે મા સંબંધ રાખી શકી એ મા લગ્ન ન કરી શકી હોત? પરંતુ એણે લગ્ન ન કર્યાં કારણ કે, એ પોતાના બે વર્ષના પુત્ર માટે સાવકા પિતા નહોતી ઇચ્છતી... એ માએ આખી જિંદગી નોકરી કરી, કારણ કે એ 'કોઈના' પૈસા કે અહેસાન લેવા નહોતી માગતી. એ મા કદાચ પોતાના પુત્રની જિંદગી અને પિતા વિશેની ઇમેજ અકબંધ રહે એ માટે જીવનભર એકલતાનું દુઃખ વેઠીને જીવતી રહી... એ પુત્ર, અચાનક ૩૩ વર્ષની ઉંમરે માનો ન્યાયાધીશ થઈ ગયો?

આપણા સમાજમાં આ સવાલ રહી રહીને ઊઠે છે. સમય સમયાંતરે લોકો પોતાનાં માતા-પિતા કે એમના વ્યવહાર વિશે ન્યાયાધીશ બનવાનો અધિકાર આપમેળે લઈ લે છે! ખરેખર એક સંતાન તરીકે, મોટા ભાગના લોકોને એ ખબર જ નથી કે એમનાં માતા-પિતાએ કેવા અને કયા સંજોગોમાં એમનો ઉછેર કર્યો છે! આજની સ્થિતિ જોઈને જે સંતાનો પોતાનાં માતા-પિતા વિશે નિર્ણયો કરે છે એ તમામ સંતાનોએ સૌથી પહેલાં તો એનાં માતા-પિતાને સમજવાની જરૂર છે. આપણે બધા જ ક્યાંક ને ક્યાંક આપણાં માતા-પિતા વિશે ન્યાયાધીશ થવાની ભૂલ તો કરીએ જ છીએ. એમણે શું કરવું જોઈતું હતું ને શું નહોતું કરવું જોઈતું, એ વિશે આપણી પાસે ઘણાં મજબૂત અભિપ્રાયો છે. આપણને લાગે છે કે હવે જ્યારે આપણે પુખ્ત થઈ ગયા છીએ ત્યારે આપણી પાસે આપણાં માતા-પિતા કરતાં વધુ જ્ઞાન અને સમજણ છે... આ ગેરસમજ છે. આપણી પાસે વધારે માહિતી હોઈ શકે, આપણે વધારે દુનિયા જોઈ છે, કે આપણું એક્સ્પોઝર થોડું વધુ છે, પરંતુ આપણાં માતા-પિતા કરતાં આપણી પાસે વધુ જ્ઞાન કે સમજણ ન હોઈ શકે, કારણ કે આપણા અનુભવો એમના કરતાં ઘણા ઓછા છે.

લગભગ દરેક સંતાન એમ માનીને જીવે છે કે એમનાં માતા-પિતા જુનવાણી છે, એમની વિચારસરણી અને માન્યતાઓ જરીપુરાણાં, રૂઢિચુસ્ત છે. એ સંતાનો એવું ભૂલી જાય છે કે એમની આધુનિકતા અથવા એમનું ઘડતર આ જ જુનવાણી

માતા-પિતાએ કર્યું છે. એ જ્યાં પહોંચ્યા છે અને જે કંઈ કરી રહ્યા છે એ માટે માતા-પિતાનો આભાર માનવાને બદલે આ સંતાનો ક્યારેક એમનાં માતા-પિતાના જીવન વિશે પોતાના મનઘડંત અર્થ કરીને એમનું અપમાન કરે છે. ખાસ કરીને જ્યારે વિધવા, વિધુર કે ડિવોર્સી માતા-પિતા હોય ત્યારે, બાળક પોતાનાં મા કે પિતા, જેની સાથે રહેતું હોય એને વિશે ખૂબ પઝેસિવ હોય એ સમજી શકાય એવું છે. ભગ્ન કુટુંબનું બાળક બહુ સ્વાભાવિક રીતે અસલામત હોય એ પણ સમજાય છે. માતા કે પિતામાંથી એકને ગુમાવી ચૂક્યા પછી આવું બાળક બીજા પેરેન્ટને - માતા કે પિતાને ગુમાવવા, એને કોઈની સાથે વહેંચવા તૈયાર ન થાય એ પણ સહજ છે. સવાલ એ છે કે પોતાના સ્પાઉસ - જીવનસાથીને ખોઈ બેઠેલી એક વ્યક્તિની ઇમોશનલ અને શારીરિક જરૂરિયાત તો હોય જ છે, પરંતુ સાથે સાથે એને નાના-મોટા નિર્ણય કરવા, વાતો કરવા, સમય પસાર કરવા કે જિંદગીના ઊબડખાબડ રસ્તા પર પ્રવાસ કરવા માટે કોઈના સહારાની પણ જરૂર હોય છે. એકલા હાથે સંતાન ઉછેરવું સહેલું નથી... ખાસ કરીને સ્ત્રી માટે! પુરુષ પાસે કદાચ એનાં માતા-પિતા કે બીજાં લગ્નની પસંદગીનો અવકાશ હોય છે, પરંતુ સ્ત્રી માટે સૌથી ભયજનક બાબત એ છે કે એની જિંદગીમાં પ્રવેશ કરનારો નવો પુરુષ એના બાળકને સ્વીકારશે? એથીયે વધુ મહત્ત્વનો સવાલ એ છે કે એ માણસ, વ્યક્તિ એના બાળક સાથે સ્વાભાવિક અને સહજ રીતે પિતાની જેમ વર્તી શકશે, એની કાળજી લઈ શકશે? એનું બાળક એને પિતા તરીકે સ્વીકારશે? દીકરાની મા હોય એને તો હજીયે કદાચ પોતાના પુત્રને સમજાવવાનું સહેલું પડે, પરંતુ દીકરીની માને એક અજ્ઞાત ભય એવો પણ રહે છે કે એની જિંદગીમાં આવનારો પુરુષ એની દીકરીને 'દીકરી'ની જેમ રાખશે કે પછી જ્યારે દીકરી યુવાન થશે ત્યારે એને આ લગ્ન માટે અફસોસ થાય એવું કંઈક બનશે...

મોટા ભાગના વિધવા, વિધુર કે ડિવૉર્સી માતા-પિતા ફરી લગ્ન નહીં કરવાનું એટલા માટે નક્કી કરે છે કારણ કે એમને એમના સંતાનના આત્મવિશ્વાસની ચિંતા હોય છે. ઊછરી રહેલું બાળક અન્ય વ્યક્તિ સાથે નહીં ગોઠવાય તો એના વ્યક્તિત્વમાં તિરાડો પડશે એવું સમજતાં માતા કે પિતા બીજાં લગ્નની શક્યતાઓને નકારે છે. સંતાને આ વાતને ખૂબ ગંભીરતાથી લેવી જોઈએ અને માતા-પિતાના આ સમર્પણને ખૂબ સન્માન આપવું જોઈએ.

મન્નૂ ભંડારી નામના એક હિન્દી નવલકથાકારના પુસ્તક 'આપકા બંટી' અને જોસેફ મૅકવાનની 'આંગળિયાત' જેવી નવલકથાઓમાં માતા-પિતાનાં બીજાં લગ્ન પછી બાળકની મનઃસ્થિતિનું સુંદર વર્ણન છે. કેટલીયે ફિલ્મો અને નવલકથાઓમાં આપણે માતા કે પિતાનાં બીજાં લગ્ન પછી બાળકના અસ્વીકાર અને અસલામતીની વાતો જોઈ છે. ફિલ્મ ફેસ્ટિવલમાં રજૂ થયેલી, ઍવૉર્ડ જીતી

ચૂકેલી ફિલ્મ 'લિસન અમાયા' પણ આવી જ કથા કહે છે. હજી હમણાં જ રજૂ થયેલી ફિલ્મ 'મૉમ' અને 'ડિયર જિંદગી'માં પણ બાળકો પોતાનાં માતા-પિતાને કેવી રીતે જજ કરે છે એનું સુંદર નિરૂપણ છે. શાહરૂખ ખાન એ ફિલ્મમાં આલિયા ભટ્ટને સમજાવે છે, "આપણે આપણાં મા-બાપને બાળકો તરીકે જજ કરીએ છીએ, પરંતુ ખરેખર જો એમની પરિસ્થિતિ સમજવી હોય તો એમના સમયમાં જઈને, એમની સ્થિતિમાં જઈને સમજવી જોઈએ."

મહત્ત્વની વાત એ છે કે અન્ય વ્યક્તિ પોતાના બાળકને નહીં ચાહી શકે એમ માનીને માતા-પિતા લગ્ન નથી કરતાં. પરંતુ એમની ઇચ્છા, ઝંખના કે એષણા પણ મરી જાય એવી શરત તો ન મૂકી શકાય! મા-બાપની સમજદારીને સન્માન આપવાને બદલે સંતાનો એમના આવા નાનકડા સ્નેહાળ અને સહારા જેવા સંબંધને 'શક'ની નજરે જુએ છે. એમને લાગે છે કે એમનાં માતા-પિતાના ચારિત્ર્યમાં આવા સંબંધથી મોટો ડાઘ લાગ્યો છે. માતા કે પિતાએ પરસ્ત્રી કે પરપુરુષ સાથે સંબંધ રાખીને એમના મૃત્યુ પામેલા કે છૂટાછેડા આપીને ચાલી ગયેલા જીવનસાથી સાથે 'દગો' કર્યો છે.

સાચું પૂછો તો જે છે જ નહીં એની સાથેની વફાદારીનો આગ્રહ કોઈ પણ સંતાન કેવી રીતે રાખી શકે? બીજો સવાલ એ છે કે નાની ઉંમરના અણસમજુ સંતાનને માતા-પિતા આવા કોઈ સંબંધ વિશે કેવી રીતે કહી શકે? ખરેખર તો જો આવા સંબંધ વિશે કહી શકાય અને સંતાન સ્વીકારવા તૈયાર થાય તો પણ જે માતા-પિતા લગ્ન કરતાં અચકાય કારણ કે એને પોતાના સંતાનની સલામતી અને આત્મવિશ્વાસની ચિંતા છે... એવાં માતા-પિતાના સમર્પણને સલામ કરવી જોઈએ.

શક્ય છે કોઈ દિવસ ભૂતકાળનાં પાનાં ઊઘડે, શક્ય છે કોઈ દિવસ માતા-પિતાએ નહીં કહેલું કશુંક આપણને સંતાન તરીકે જાણવા મળે... આવું બને ત્યારે એમણે આવું શું કામ કર્યું અથવા કરવું જોઈતું હતું કે નહીં એ વિશે ન્યાયાધીશ બન્યા વગર એક વાર પાછા ફરીને ભૂતકાળમાં પોતાની એ સમયની માતા કે પિતા પર સંપૂર્ણપણે આધારિત માનસિકતા અને એ સમયની અસલામત મનોદશા વિશે વિચારવું જોઈએ... જે માતા કે પિતાએ પોતાની આખી યુવાની કે યુવાનીનાં કેટલાંક વર્ષો સંતાનના ઉછેરમાં સંપૂર્ણ સમર્પણથી ખર્ચી નાખ્યાં એ માતા-પિતાએ આ બધાંય વર્ષોમાં કદાચ થોડાક કલાક પોતાના અંગત સુખ માટે સંતાનને આછો અણસાર પણ ના આવે એટલી ઋજુતા અને સાવધાનીથી સરકાવી લીધાં હોય તો એ માતા-પિતા ગુનેગાર નથી, બલ્કે એમને પ્રણામ કરીને એમના વીતેલાં વર્ષોના અભાવ સાટે એમને સ્નેહ અને આદર આપવા એ સંતાનની ફરજ છે.